## દિલ્હી ડાયરી

### ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની વિવિધ અભિવ્યક્તિઓ

જે દિવસે વડા પ્રધાન મિસ્ટર નરેન્દ્ર મોદીએ દિલ્હીના લાલ કિલ્લા ખાતે ભારતીય કલા, આર્કિટેક્ચર અને ડિઝાઇન દ્વિવાર્ષિકની પ્રથમ આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું તે દિવસે કેન્દ્રીય સંસ્કૃતિ પ્રધાન મીનાક્ષી લેખીએ તેમની સાડી પહેરીને નિવેદન આપ્યું હતું. નીલ-સફેદ સાડીમાં સજ્જ લેખીએ આ પ્રસંગે ઉપસ્થિત લોકોને સમજાવ્યું કે, તેની ડિઝાઇન 400 વર્ષ જૂની છે અને તે તાજેતરમાં ડેનમાર્કમાં ખોદકામ દરમિયાન મળી આવી હતી. ઉત્કૃષ્ટ ડિઝાઇનથી આકર્ષિત ટીમના સંશોધકોમાંથી એકે તેના ઇતિહાસમાં થોડું વધુ જાણકારી પ્રાપ્ત કરી અને જાણ્યું કે તે વેપારીઓ દ્વારા ભારતમાંથી આવી છે.

ત્યાર બાદ સંશોધકે ભારતની મુલાકાત લીધી અને સમજાયું કે આ ડિઝાઇન હજી પણ અહીં અસ્તિત્વમાં છે અને તે કોઈમ્બતુરથી મેળવી શકે છે. ડિઝાઇન બિએનાલેમાં વિશિષ્ટ વારસો અને યુરોપિયનો પર ભારતીય કાપડ અને ડિઝાઇનના પ્રભાવને દર્શાવવા માટે એક ખાસ સ્ટોલ હતો. લેખીએ કહ્યું કે, તેણીએ સાડી તરીકે પહેરવા માટે છ મીટર કાપડ પર ડિઝાઇન તૈયાર કરાવી છે.

ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને તેની વિવિધ અભિવ્યક્તિઓમાં બહાર લાવવાની આ એક સારી રીત છે. તેથી વધુ, વિદેશી જમીન પર આ સાંસ્કૃતિક વારસાના પ્રભાવની શોધ કરવી એ પણ એટલું જ મહત્ત્વપૂર્ણ છે.

### વિકસિત ભારત સંકલ્પ યાત્રાએ એક કરોડ લોકોને પ્રભાવિત કર્યા

ગઈ 15મી નવેમ્બરના રોજ શરૂ થયેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં એક કરોડથી વધુ નાગરિકોએ ભાગ લીધો હતો. આ અનોખી સિદ્ધિ હાંસલ કરવાની ઉજવણીના ચિહ્ન તરીકે વડા પ્રધાન મિસ્ટર નરેન્દ્ર મોદીએ તાજેતરમાં નવી દિલ્હીમાં તેના લાભાર્થીઓ સાથે વાતચીત કરી. વિવેકાનંદ શિબિર, ચાણક્યપુરી, નવી દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય વિદેશ અને સંસ્કૃતિ રાજ્ય મંત્રી મીનાક્ષી લેખી પણ જોડાયાં હતાં. ગઈ 7 ડિસેમ્બર સુધી આ યાત્રા દેશના વિવિધ રાજ્યોમાં ફેલાયેલી 36,000થી વધુ ગ્રામ પંચાયતો સુધી પહોંચી ગઈ હતી. સંસ્કૃતિ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે, એમઈઆઈટીવાય દ્વારા વિકસિત કસ્ટમાઇઝ્ડ પોર્ટલ પર મેળવેલા ડેટા દ્વારા આ બહાર આવ્યું છે. ખરેખર, આ એક અનોખી સિદ્ધિ છે કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાએ ભારતના એક કરોડ લોકોને પ્રભાવિત કર્યા છે. આ સંસ્થા સાથે જોડાયેલા અધિકારીઓએ પણ આ યાત્રાથી આ લોકો પર કેવી અસર પડી તે જાણવા માટે અભ્યાસ કરવો જોઈએ.

### કલમ 370 નાબૂદી એ બંધારણીય સિદ્ધાંતો સાથે સુસંગત

લોકોની ઇચ્છા સાથે સંકલિત બંધારણના તેમના વિઝન પર મહાત્મા ગાંધીને ટાંકતાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મિસ્ટર રામનાથ કોવિંદે તાજેતરમાં એક સમારોહમાં બોલતાં વર્તમાન સાથે સમાનતા દર્શાવતાં કહ્યું કે, બંધારણ રાષ્ટ્રની આકાંક્ષાઓ સાથે પડઘો પાડે છે. જમ્મુ અને કાશ્મીરમાં બંધારણની કલમ 370 નાબૂદ કરવાના સંદર્ભમાં મિસ્ટર કોવિંદે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તે બંધારણીય સિદ્ધાંતો સાથે સુસંગત છે. તેઓ બંધારણને લગતા વડા પ્રધાન મિસ્ટર નરેન્દ્ર મોદીના ભાષણોને પ્રકાશિત કરતા સંગ્રહ ‘નયે ભારત કા સામવેદ’ના લોકાર્પણ પ્રસંગે બોલી રહ્યા હતા. ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટસ દ્વારા લોન્ચ કરવામાં આવેલ આ પુસ્તકમાં વડા પ્રધાનના 32 ભાષણોનો સમાવેશ થાય છે.

# ભારત-માલદીવ રાજદ્વારી વિવાદ: માલદીવના રાજદૂતને બોલાવી ભારતે પોતાનો વિરોધ નોંધાવ્યો

**માલદીવ** સરકારે ભારતીય હાઈ કમિશનર મુનુ મુહાવરને જણાવ્યું કે મોદી વિરુદ્ધની ટિપ્પણી તેના મંતવ્યો નથી

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): ભારતમાં માલદીવના રાજદૂતને સોમવારે વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા અને ત્રણ મંત્રીઓ દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ અપમાન કરતી સોશિયલ મીડિયા પોસ્ટ્સ પર તેની તીવ્ર ચિંતા વ્યક્ત કરી હતી જ્યારે કે તેમની ટિપ્પણીઓ પર બીજા દિવસે પણ પ્રતિક્રિયા ચાલુ રહી હતી.

માલેમાં, માલદીવ સરકારે ભારતીય હાઈ કમિશનર મુનુ મુહાવરને જણાવ્યું કે મોદી વિરુદ્ધની ટિપ્પણી તેના મંતવ્યો નથી. યુવા મંત્રાલયમાં નાયબ મંત્રી માલશા શરીફ, મરિયમ શીઉના અને અબ્દુલ્લા માહઝુમ માજિદને રવિવારે સસ્પેન્ડ કરાયા હતા. માલદીવના પ્રમુખ ચીનની એક અઠવાડિયાની મુલાકાતે છે.

માલદીવના મીડિયાએ અહેવાલ આપ્યા હતા કે મુહાવરને સમન આપીને વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા જ્યારે ભારતીય ઉચ્ચાયુક્તે કહ્યું હતું કે તેમની પહેલાંથી જ રાજદૂત ડો. અલિ નાસીર મોહમ્મદ સાથે દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરવા બેઠક હતી.

નવી દિલ્હીમાં સૂત્રોએ કહ્યું હતું કે માલદીવના રાજદૂત ઈબ્રાહિમ સાહીબને વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા અને મોદી વિરુદ્ધ સોશિયલ મીડિયા પોસ્ટ્સ પર તેમની સખત ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી હતી. વિવાદ વધતો ગયો ત્યારે ભારતના અગ્રણી ટ્રાવેલ પ્લેટફોર્મ ઈઝી-માય-ટ્રીપે કહ્યું કે તેણે માલદીવ્સ માટેની બુકિંગ સ્થગિત કરી દીધી છે.

ત્રણ નાયબ મંત્રીઓએ વડા પ્રધાન મોદીની લક્ષદ્વીપની મુલાકાત પછી તેમની પોસ્ટમાં મોદી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી, તેમણે અનુમાન લગાવ્યો હતો કે મોદીની મુલાકાત કેન્દ્રશાસિત પ્રદેશને માલદીવના વૈકલ્પિક પર્યટન સ્થળ તરીકે રજૂ કરવાનો પ્રયાસ હતો.

## દર વર્ષે 2 લાખથી વધુ ભારતીયો માલદીવની મુલાકાતે જાય છે

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): છેલ્લા 3 વર્ષોમાં વાર્ષિક 2 લાખ ભારતીયો માલદીવની મુલાકાતે ગયા હતા જે કોવિડ-19 મહામારી બાદ કોઈ પણ દેશ કરતા સૌથી વધુ સંખ્યા હતી. બંને દેશો વચ્ચે થયેલા રાજદ્વારી વિવાદ બાદ વિવિધ ક્ષેત્રની ટોચની હસ્તીઓએ ટાપુ દેશનો પર્યટન સ્થળ તરીકે બહિષ્કાર કરવાની હાકલ કરાઈ રહી છે ત્યારે આ સત્તાવાર આંકડા સામે આવ્યા હતા. માલદીવ પર્યટન મંત્રાલયના આંકડાઓ મુજબ વર્ષ 2023માં 17 લાખથી વધુ પર્યટકોએ ટાપુ દેશની મુલાકાત લીધી હતી જે પૈકી 2,09,198 પર્યટકો ભારતના હતા ત્યારબાદ રશિયાના (2,09,146) અને ચીનના (1,87,118) પર્યટકો હતા. વર્ષ 2022માં ભારતીય મુલાકાતીઓની સંખ્યા 2.4 લાખથી વધુ હતી જ્યારે 2021માં 2.11 લાખ કરતા વધુ ભારતીયો માલદીવ ગયા હતા. માલદીવ તે અમુક દેશો પૈકી છે જે મહામારી દરમિયાન પણ આંતરરાષ્ટ્રીય પર્યટકો માટે ખુલ્લો હતો અને તે સમયગાળામાં આશરે 63,000 ભારતીયોએ તે દેશની મુલાકાત લીધી હતી. વર્ષ 2018માં ભારતથી માલદીવ જનાર પર્યટકોની સંખ્યા પાંચમા ક્રમે હતી તે વર્ષે 90,474 ભારતીયોએ ત્યાંની મુલાકાત લીધી હતી. વર્ષ 2019માં ભારત બીજા ક્રમ પર પહોંચ્યું હતું, તે વર્ષે 1.66 લાખ ભારતીયોએ તે દેશની મુલાકાત લીધી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા અઠવાડિયે લક્ષદ્વિપની મુલાકાત લીધી ત્યારબાદ માલદીવના 3 મંત્રીઓએ મોદી વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી જેના પગલે ભારતીયોનું ખાસ પર્યટન સ્થળ હવે ટીકાનો ભોગ બની રહ્યું છે. સોશિયલ મીડિયા પર કેટલાંક લોકોએ દાવો કર્યો હતો કે તેમણે પોતાની માલદીવની મુલાકાત રદ કરી છે. સોશિયલ મીડિયા પર ‘બોયકોટ માલદીવ’ ટ્રેન્ડ કરી રહ્યું છે.

## ઈઝરાયલ ભારતની સાથે: લક્ષદ્વીપની સુંદરતાના વખાણ કર્યા

નવી દિલ્હી: તા. 8ઇ વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ માલદીવના મંત્રીઓની અપમાનજનક ટિપ્પણીઓ બાદ બંને દેશો વચ્ચે રાજદ્વારી તણાવ વધી ગયો છે. હવે ભારતના મિત્ર ઇઝરાયેલે પણ માલદીવને અરીસો બતાવતાં લક્ષદ્વીપની પ્રાકૃતિક સુંદરતાનાં વખાણ કર્યાં છે. આ સાથે તેમણે લક્ષદ્વીપને લઈને એક મોટી જાહેરાત પણ કરી છે. ઇઝરાયેલે કહ્યું છે કે, તે આવતી કાલથી આ કેન્દ્રશાસિત પ્રદેશમાં સમુદ્રનાં પાણીને શુદ્ધ કરવાના પ્રોજેક્ટ પર કામ શરૂ કરશે. ભારતમાં ઇઝરાયલી દૂતાવાસે તેના એક્સ હેન્ડલ પર લક્ષદ્વીપની કેટલીક તસવીરો શેર કરતાં લખ્યું, ‘ ’અમે ગયા વર્ષે ભારત સરકારના ડિસેલિનેશન (દરિયાઈ પાણીમાંથી મીઠું દૂર કરવાની પ્રક્રિયા) પ્રોજેક્ટને શરૂ કરવાની વિનંતી પર લક્ષદ્વીપ ગયા હતા. ઇઝરાયેલ આવતી કાલથી જ આ પ્રોજેક્ટ પર કામ શરૂ કરવા માટે તૈયાર છે. આ તસવીરો એ લોકો માટે છે જેઓ હજી સુધી લક્ષદ્વીપની સુંદરતા જોઈ શક્યા નથી. આ તસવીરોમાં આ ટાપુનાં મનમોહક અને આકર્ષક દૃશ્યો જોઈ શકાય છે. લક્ષદ્વીપ એક ટાપુ છે. ત્યાં પીવાના શુદ્ધ પાણીની સમસ્યા છે. ઇઝરાયેલ પાસે ખારા સમુદ્રના પાણીને મીઠા પાણીમાં રૂપાંતરિત કરવાની ટેક્નોલોજી છે, જેને ડિસેલિનેશન કહેવામાં આવે છે. આ હેઠળ ખારા પાણીમાં હાજર ખનિજો અને અન્ય અશુદ્ધિઓ દૂર કરવામાં આવે છે અને પીવા યોગ્ય બનાવવામાં આવે છે. ઇઝરાયેલ પણ સમુદ્રથી ઘેરાયેલું હોવાથી અને ત્યાંની જમીન રેતાળ હોવાથી ત્યાં પણ પાણીની સમસ્યા છે, પરંતુ તે ડિસેલિનેશન ટેક્નોલોજી દ્વારા ખારા દરિયાના પાણીને મીઠા પાણીમાં રૂપાંતરિત કરીને તેની જરૂરિયાતો પૂરી કરે છે. લક્ષદ્વીપમાં પ્રવાસન વધારવામાં ડિસેલિનેશન ટેક્નોલોજી ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

## ચીન એક મૂલ્યવાન અને અભિન્ન સહયોગી: માલદીવના પ્રમુખ

બીજિંગ, તા. 8 (પીટીઆઈ): માલદીવના પ્રમુખ મોહમ્મદ મુઈઝુ, જેઓ તેમની પ્રથમ સત્તાવાર મુલાકાતે ચીન પહોંચ્યા હતા. તેમણે સોમવારે બીજિંગને હિંદ મહાસાગરના ટાપુ રાષ્ટ્રના ‘મૂલ્યવાન સાથી અને અભિન્ન સહયોગી’ તરીકે વખાણ કર્યા હતા અને બંને દેશો વચ્ચેના સહકારની પ્રશંસા કરી હતી. મુઈઝુ, જેમને ‘ચીન તરફી’ માનવામાં આવે છે, તેઓ તેમની 5 દિવસીય મુલાકાતના પ્રથમ દિવસે ફુજિયનમાં પ્રાંતીય અધિકારીઓને મળ્યા. એક દિવસ અગાઉ તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવા બદલ ત્રણ મંત્રીઓને સસ્પેન્ડ કર્યા હતા. ભારત માલદીવનો સૌથી નજીકનો પાડોશી હોવા ઉપરાંત તેણે ઘણા પ્રોજેક્ટ્સમાં માલેને મદદ કરી છે.

# અમેરિકાએ ચીન, પાકિસ્તાનને ધાર્મિક સ્વતંત્રતાની બાબતમાં ખાસ ચિંતાના દેશો જાહેર કર્યા

**૧૧ જેટલા** દેશોને આ કક્ષામાં મૂક્યા, કેટલાક દેશોને વોચ લિસ્ટ પર મૂક્યા

**તાલીબાન** સહિત કેટલાક સંગઠનોને ખાસ ચિંતાના સંગઠનો જાહેર કર્યા

ન્યૂયોર્ક, તા. ૮(પીટીઆઈ): અમેરિકાએ ચીન, ઉત્તર કોરિયા અને પાકિસ્તાનને ધાર્મિક સ્વાતંત્ર્યના કેટલાક ચોક્કસ તીવ્ર ભંગમાં સંડોવાવા બદલ અને આવા ભંગ ચલાવી લેવા બદલ ખાસ ચિંતાના દેશો તરીકે જાહેર કર્યા છે.

ધાર્મિક સ્વાતંત્ર્યના ડેઝિગ્નેશનો જાહેર કરતા અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિન્કને જણાવ્યું હતું કે જ્યારથી સંસદે ૧૯૯૮માં આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વાતંત્ર્ય કાયદો પસાર કર્યો ત્યારથી ધર્મ અથવા માન્યતાની સ્વતંત્રતાને આગળ વધારવું એ અમેરિકાની વિદેશ નીતિનો મહત્વનો હેતુ રહ્યો છે. બ્લિન્કને ગયા સપ્તાહે કહ્યું હતું કે પ્રતિબધ્ધતા પર ટકી રહેવાના ભાગરૂપે તેમણે બર્મા, ચીન, ક્યુબા, ઉત્તર કોરિયા, ઈરાન, નિકારાગુઆ, પાકિસ્તાન, રશિયા, સાઉદી અરેબિયા, તાજીકીસ્તાન અને તુર્કમેનિસ્તાનને ધાર્મિક સ્વાતંત્ર્યની બાબતમાં ખાસ ચિંતાના દેશ તરીકે જાહેર કર્યા છે.

વધુમાં તેમણે અલ્જિરિયા, આઝારબૈજાન, સેન્ટ્રલ આફ્રિકા રિપબ્લિક, કોમોરોસ એન વિયેટનામને ધાર્મિક સ્વાતંત્ર્યના તીવ્ર ભંગમાં સંડોવણી કે આવા ભંગ ચલાવી લેવા બદલ વોચ લિસ્ટ પર રાખ્યા છે. તેમણે અલ-શબાબ, બોકો હરામ, ધ હુથીસ, તાલીબાન સહિતના સંગઠનોને ખાસ ચિંતાની સંસ્થાઓ તરીકે જાહેર કર્યા હતા.

સરકારોએ ધાર્મિક લઘુમતિ સમાજોના સભ્યો પરના અને તેમના ધર્મસ્થળો પરના હુમલાઓ, કોમી હિંસા અટકાવવા જ જોઈએ અને શાંતિપૂર્ણ અભિવ્યક્તિ બદલ લાંબા જેલવાસ અટકાવવા જોઈએ, તથા એવા અન્ય ભંગ અટકાવવા જોઈએ જે વિશ્વના ઘણા ભાગોમાં થઈ રહ્યા છે એ મુજબ બ્લિન્કને કહ્યું હતું.

# થાકની ચિંતા વચ્ચે DGCAએ ડ્યુટીના ધોરણો સુધાર્યા, પાઈલટોને વધુ આરામ અપાશે

**પાઈલટો** માટે રાત્રિના કલાકો પણ લંબાવાયા

**હવામાં** ઈમરજન્સી દરવાજો ખુલી જવાના બનાવ બાદ દેશમાં કાર્યરત બોઈંગ 737-9 મેક્સ વિમાનની તપાસ કરાઈ

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): થાકનો સામનો કરવામાં પાઈલટોને મોટી રાહત આપતા ડીજીસીએ દ્વારા સોમવારે સુધારેલા ધોરણો બહાર પાડવામાં આવ્યા હતા જેમાં પાઈલટોનો સાપ્તાહિક આરામનો સમય વધારીને 48 કલાક કરાયો હતો અને રાત્રીના સંચાલન દરમિયાન લેન્ડિંગની સંખ્યા 2 સુધી મર્યાદીત કરી હતી. ઉડ્ડયન નિરીક્ષક ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશને (ડીજીસીએ) પાઈલટો માટે રાત્રિના કલાકો પણ લંબાવ્યા છે અને હવે, તે 0000-0600 (મધ્યરાત્રીથી સવારે 6 વાગ્યા સુધી) કલાકના સમયગાળાને આવરી લે છે જ્યારે તે પહેલા 0000-0500 (મધ્યરાત્રીથી સવારે 5 વાગ્યા સુધી) કલાક હતા.

આ ઉપરાંત તમામ એરલાઈન્સોએ ત્રિમાસિક થાકનો અહેવાલ જમા કરાવવો પડશે જેમાં બિન-શિક્ષાત્મક અને ગોપનીયતાની નીતિનું પાલન કરવું પડડશે. આંકડાઓનું વિશ્લેષણ અને હિતધારકો સાથે ચર્ચા કર્યા બાદ સુધારેલા ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટેશન્સ (એફડીટીએલ) ધોરણો તૈયાર કરાયા હતા. તે એવા સમયે આવ્યા છે જ્યારે પાઈલટના થાક અંગે ચિંતાઓ વધી રહી છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં નાગપુર એરપોર્ટ પર ઈન્ડીગોનો એક પાઈલટ પડી ગયો હતો અને બાદમાં મૃત્યુ પામ્યો હતો. સિવિલ એવિએશન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું હતું કે ઘણા સમયથી એફડીટીએલમાં સુધારાની રહા જોવાઈ રહી હતી તે સુધારા કરવામાં આવ્યા છે. નવા ધોરણો 1 જૂનથી અમલમાં આવશે.

આ ઉપરાંત ડીજીસીએએ જણાવ્યું હતું કે દેશમાં કાર્યરત બોઈંગ 737-8 મેક્સ વિમાનની તપાસ સંતોષકારક રીતે પૂર્ણ કરવામાં આવી છે. ગયા અઠવાડિયે અલાસ્કા એરલાઈન્સના વિમાન સાથે એક બનાવને પગલે સાવચેતીના પગલા તરીકે આ તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. 32 વિમાનો માટે વિંગ ઈમરજન્સી એક્ઝીટની તપાસ પૂર્ણ થઈ છે. ઉલ્લેખનીય છે કે એરલાઈનના બોઈંગ 737-9 મેક્સ વિમાન હવામાં હતું ત્યારે તેનો ઈમરજન્સી દરવાજો ખુલી ગયો હતો.

## અમેરિકાના ટાઈમ્સ સ્ક્વેર પર રામ લલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહનું લાઈવ સ્ક્રીનિંગ

અયોધ્યા: તા. 8: 22 જાન્યુઆરીએ અયોધ્યામાં યોજાનાર રામ લલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહનું લાઈવ સ્ક્રીનિંગ પણ અમેરિકાના ન્યૂયોર્કના પ્રખ્યાત ટાઈમ્સ સ્ક્વેર ખાતે પણ થશે. ટાઈમ્સ સ્ક્વેર ભારતીય કાર્યક્રમનું આ પ્રથમ લાઈવ સ્ક્રીનિંગ હશે. આ પહેલા ભારતની 7 મહત્ત્વપૂર્ણ ઘટનાઓ ટાઈમ્સ સ્ક્વેર પર થઈ ચૂકી છે, જેમાંથી એક રામ મંદિર પર હતી. વર્ષ 2020માં અયોધ્યામાં રામ મંદિરના ભૂમિપૂજન દરમિયાન ટાઈમ્સ સ્ક્વેર પર ડિજિટલ બિલબોર્ડ લગાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિશ્વભરના ભારતીય દૂતાવાસોમાં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહનું લાઈવ સ્ટ્રીમિંગ થશે. અમદાવાદથી 44 ફૂટ ઊંચો ધ્વજ અયોધ્યા લાવવામાં આવ્યો છે. તે 161 ફૂટ ઊંચા રામ મંદિર પર ફરકાવવામાં આવશે.

# કોંગ્રેસ નેતા વિક્રમાદિત્ય સિંહે સ્પષ્ટ કર્યું તેઓ રામ મંદિરના અભિષેક સમારંભમાં ભાગ લેશે

શિમલા : હિમાચલ પ્રદેશના મંત્રી વિક્રમાદિત્ય સિંહે સોમવારે કહ્યું હતું કે તે અયોધ્યામાં રામ મંદિર અભિષેક કાર્યક્રમમાં ભાગ લેશે, 22મીએ યોજાનારા સમારંભ માટે કોંગ્રેસના ટોચના નેતાઓએ હજી સુધી કોઈ નિર્ણય લીધો નથી ત્યારે તેમણે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું. હિમાચલ પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વીરભદ્ર સિંહ અને રાજ્ય પક્ષના અધ્યક્ષ પ્રતિભા સિંહના પુત્ર અને જાહેર બાંધકામ વિભાગના મંત્રીએ રામ લલાના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં હાજરી આપવાના આમંત્રણ બદલ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદનો આભાર માન્યો હતો. ‘આ કોઈ રાજકીય મુદ્દો નથી અને હિમાચલ પ્રદેશના થોડા આમંત્રિતોમાં સામેલ થવા માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું અને મને અને મારા પરિવારને આ સન્માન આપવા બદલ RSS અને વીએચપીનો આભાર માનું છું’, એમ સિંહે કહ્યું હતું.

# બિલ્કીસ બાનો કેસનો ઘટનાક્રમ

**નવી દિલ્હી: તા. 8 (પીટીઆઈ): બિલ્કીસ બાનોના ગેંગરેપ કેસ અને તેના પરિવારના સાત સભ્યોની હત્યાની ઘટનાઓની સમયરેખા નીચે મુજબ છે, જેમાં સુપ્રીમ કોર્ટે સોમવારે 11 દોષિતોને માફી આપવાના ગુજરાત સરકારના નિર્ણયને રદ કર્યો હતો**

- 3 માર્ચ, 2002: અમદાવાદ નજીકના રણધિકપુર ગામમાં 21 વર્ષની બિલ્કીસ બાનોના પરિવાર પર હિંસક ટોળાએ હુમલો કર્યો હતો. મહિલા પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો, જ્યારે તેના પરિવારના સાત સભ્યોની હત્યા કરવામાં આવી હતી.
- ડિસેમ્બર 2003: સુપ્રીમ કોર્ટે બિલ્કીસ બાનો કેસમાં સીબીઆઈ તપાસનો નિર્દેશ આપ્યો.
- 21 જાન્યુઆરી, 2008: બિલ્કીસ બાનો પર બળાત્કાર કરવા અને તેના પરિવારના સાત સભ્યોની હત્યા કરવા બદલ સ્પેશિયલ કોર્ટે 11 પુરુષોને દોષિત ઠેરવ્યા અને તેમને આજીવન કેદની સજા ફટકારી.
- ડિસેમ્બર 2016: બોમ્બે હાઈકોર્ટે આજીવન કેદની સજા પામેલા 11 કેદીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલો પર ચુકાદો અનામત રાખ્યો હતો.
- મે 2017: બોમ્બે હાઈકોર્ટે 11 દોષિતોની આજીવન સજાને સમર્થન આપ્યું.
- 23 એપ્રિલ, 2019: સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને બિલ્કીસ બાનોને રૂ. 50 લાખનું વળતર ચૂકવવા જણાવ્યું.
- 13 મે, 2022: સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને તેની 9 જુલાઈ, 1992ની નીતિના સંદર્ભમાં પ્રી-મેચ્યોર મુક્તિ માટેની એક ગુનેગારની અરજી પર વિચાર કરવાનો નિર્દેશ આપ્યો.
- 15 ઓગસ્ટ, 2022: ગુજરાત સરકારની માફીની નીતિના ભાગરૂપે 11 દોષિતોને ગોધરા સબ-જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા.
- 25 ઓગસ્ટ, 2022: દોષિતોની અકાળે મુક્તિ સામે પૂર્વ સીપીઆઈ સાંસદ સુભાષિની અલી, પત્રકાર રેવતી લૌલ અને પ્રોફેસર રૂપ રેખા વર્મા દ્વારા સંયુક્ત રીતે દાખલ કરેલી જનહિત અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને ગુજરાત સરકારને નોટિસ પાઠવી.
- 30 નવેમ્બર, 2022: બિલ્કીસ બાનોએ 11 દોષિતોને માફી આપવાના ગુજરાત સરકારના નિર્ણયને પડકારતી અરજી સુપ્રીમમાં દાખલ કરી અને કહ્યું કે, તેમની અકાળે મુક્તિએ સમાજના અંતરાત્માને હચમચાવી નાખ્યો છે.
- 17 ડિસેમ્બર, 2022: સુપ્રીમ કોર્ટે તેના 13 મેના ચુકાદાની સમીક્ષાની માંગ કરતી બિલ્કીસ બાનોની અરજીને ફગાવી દીધી, જેમાં તેણે કહ્યું હતું કે, ગુજરાત રાજ્ય ગેંગરેપ અને હત્યા કેસમાં ગુનેગાર દ્વારા દાખલ કરવામાં આવેલી પ્રિ-મેચ્યોર રિલીઝ માટેની અરજીની તપાસ કરવા માટે યોગ્ય સરકાર સક્ષમ છે.
- 27 માર્ચ, 2023: બિલ્કીસ બાનો દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર, ગુજરાત સરકાર અને અન્યોને નોટિસ આપી.
- 7 ઓગસ્ટ, 2023: ગુજરાત સરકારના માફી આપવાના નિર્ણયને પડકારતી અરજીઓ પર સુપ્રીમ કોર્ટે અંતિમ સુનાવણી શરૂ કરી.
- 12 ઓક્ટોબર, 2023: સુપ્રીમ કોર્ટે બિલ્કીસ બાનો દ્વારા દાખલ કરાયેલી અરજી સહિતની અરજીઓ પર 11 દિવસની સુનાવણી બાદ પોતાનો ચુકાદો અનામત રાખ્યો.
- 8 જાન્યુઆરી, 2024: સુપ્રીમ કોર્ટે 11 દોષિતોને માફી રદ કરી અને કહ્યું કે, આદેશો રૂઢીબદ્ધ હતા અને દિમાગ લગાવ્યા વિના પસાર કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે દોષિતોને બે અઠવાડિયાંની અંદર જેલ સત્તાવાળાઓને આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે.

## ગુજરાત સરકારે આરોપીના મેળાપીપણામાં કામ કર્યું હોવાનું સુપ્રીમનું નિરીક્ષણ

નવી દિલ્હી, તા. ૮(પીટીઆઇ): ગુજરાત સરકાર મળી ગયેલી હતી અને બિલકીસ બાનુ કેસમાં એક આરોપી કે જેણે સજામાંથી વહેલી મુક્તિ માટે રાજ્ય સરકારને આદેશ આપવા માટેની અરજી સુપ્રીમ કોર્ટમાં કરી હતી તેના મેળાપીપણામાં કામ કર્યું હતું એમ સુપ્રીમ કોર્ટે આજે કહ્યું હતું. આ કેસમાં દોષિતોને સજામાં રાહત આપતી વખતે સત્તા ખોટી રીતે આંચકી લેવા બદલ રાજ્ય સરકારને વખોડી હતી. સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું હતું કે ગુજરાત સરકારે ૧૩ મે, ૨૦૨૨ના ચુકાદાના સંદર્ભમાં કામ કર મહારાષ્ટ્ર સરકારની સત્તાઓ આંચકી લીધી હતી, જે અમારા અભિપ્રાય મુજબ આ કાર્યવાહી રદબાતલ થવા પાત્ર ઠરાવે છે.

## દોષિતો સજામાં રાહત માટે હવે મહારાષ્ટ્ર સરકાર પાસે જઇ શકે છે

નવી દિલ્હી, તા. ૮: બિલકીસ બાનુ કેસના ૧૧ દોષિતો તેમની સજામાં રાહતની વિનંતી સાથે મહારાષ્ટ્ર સરકાર સમક્ષ જઇ શકે છે. દોષિતોને બે સપ્તાહમા સંલગ્ન જેલ સત્તાવાળાઓ સમક્ષ હાજર થવા સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે. પોતાના આદેશમાં કોર્ટે જણાવ્યું છે કે અગાઉ જે હતી તે સ્થિતિ ફરી પ્રસ્થાપિત થવી જોઇએ. અમે આવું અન્ય કારણોસર કહીએ છીએ, જ્યારે દોષિતો સજામાં રાહતની માગણી કરે ત્યારે તેઓ જેલમાં હોવા જોઇએ, જામીન પર કે જેલની બહાર રહીને તેઓ સજામાં રાહતની માગણી કરી શકે નહીં એમ બેન્ચે કહ્યું હતું. દોષિતો જેલમાં હોય ત્યારે તેમના વકીલો સજા રાહતની અરજી કરી શકે છે.

## સજા માફી ગુજરાત સરકારના અધિકાર ક્ષેત્રમાં હતી જ નહીં: સુપ્રીમ

**કેસ** મહારાષ્ટ્રમાં ચાલ્યો હોવાથી કાયદાકીય જોગવાઇ અનુસાર આવી અરજી પર નિર્ણય લેવાનો અધિકાર મહારાષ્ટ્ર સરકારને છે

નવી દિલ્હી, તા. ૮: ગુજરાત સરકારને બિલકીસ બાનુ ગેંગ રેપ અને તેના સાત કુટુંબીજનોની હત્યા કરવાના કેસના ૧૧ દોષિતોને આપવામાં આવેલી સજાઓમાં રાહત આપવા માટેની અરજીઓ હાથ ધરવાનું ગુજરાત સરકારના અધિકાર ક્ષેત્ર હેઠળ આવતું નથી એમ સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે જે રાજ્યમાં સજા સંભળાવવામાં આવી છે તે રાજ્યની સરકાર સજામાં છૂટની અરજી પર વિચારણા કરવાનો અને તેના પર આદેશ જારી કરવાનો અધિકાર ધરાવે છે. આ અરજી પર વિચારણા કરવા માટે મહારાષ્ટ્ર સરકાર અધિકાર ક્ષેત્ર ધરાવે છે અને નહીં કે ગુજરાત સરકાર એમ સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૦૨ના રમખાણો વખતે બિલકીસ બાનુ પર આરોપીઓએ સામૂહિક બળાત્કાર કર્યો હતો અને તેના સાત કુટુંબીજનોને મારી નાખ્યા હતા. આ કેસના ૧૧ આરોપીઓ સામે અદાલતી આદેશ મુજબ મહારાષ્ટ્રમાં કેસ ચલાવવામાં આવ્યો હતો અને ત્યાંની અદાલતમાં જ તેમને સજા સંભળાવાઇ હતી. આથી સીઆરપીસીની કલમ ૪૩૨ની જોગવાઇને જોતા આ કેસમાં સજામાં છૂટ આપવાનો ગુજરાત સરકારને કોઇ અધિકાર નથી.

## સુપ્રીમના ચુકાદાના મુખ્ય મુદ્દા

નવી દિલ્હી, તા. ૮: સર્વોચ્ચ અદાલતે બિલકીસ બાનુ કેસમાં આજે આપેલ ચુકાદાની કેટલીક હાઇ લાઇટ્સ નીચે મુજબ છે.

- બિલકીસ બાનુ દ્વારા સુપ્રીમ કોર્ટમાં બંધારણની કલમ ૩૨ હેઠળ કરવામાં આવેલ અરજી ટકી શકે તેવી છે. તેના માટે હાઇકોર્ટમાં જવું ફરજિયાત નથી.
- જ્યારે પીડિતા દ્વારા કરવામાં આવેલ અરજી અમારા દ્વારા હાથ ધરાયેલ છે ત્યારે આ સજા કાપને પડકારતી અન્ય અરજીઓ પણ ટકી શકે તેવી અને દાખલ કરવા લાયક છે.
- સીઆરપીસીની કલમ ૪૩૨ મુજબ સજા કાપની અરજી પર વિચારણા કરવાનો ગુજરાત સરકારને અધિકાર નથી કારણ કે આ કેસ ગુજરાતમાં ચાલ્યો ન હતો.
- ગુજરાત સરકારને દોષિતોની સજા રાહતની અરજી પર વિચારણા કરવાનું જણાવતો અન્ય બેન્ચનો આદેશ સુપ્રીમ કોર્ટ રદબાતલ થવા યોગ્ય ઠરાવે છે.
- સુપ્રીમ કોર્ટ કહે છે કે ગુજરાત સરકારે સ્ટીરિયોટાઇપ્ડ અને સાયક્લોસ્ટાઇલ્ડ આદેશો પસાર કર્યા
- દોષિતોની સજામાં રાહત આપવાનો ગુજરાત સરકારનો આદેશ કાયદા મુજબનો નથી.
- ૯ જુલાઇ, ૧૯૯૨ની ગુજરાત રાજ્યની સજામાં રાહતની નીતિ આ દોષિતોને લાગુ પડતી નથી.
- ગુજરાત સરકારે એક દોષિત રાધેશ્યામ શાહની સાથે મેળાપીપણામાં કામ કર્યું.
- ન્યાય પાલિકા એ કાયદાના શાસનની રખેવાળ છે અને લોકશાહી રાષ્ટ્રનો કેન્દ્રીય સ્તંભ છે.
- કાયદાના શાસનનો અર્થ એ નથી કે માત્ર થોડા ભાગ્યશાળી લોકોને જ રક્ષણ આપવું.
- બંધારણની કલમ ૧૪૨નો દોષિતોની તરફેણમાં તેમને જેલની બહાર રાખવા લાગુ પાડી શકાય નહીં.
- સુપ્રીમ કોર્ટે દોષિતોને આજથી બે સપ્તાહમાં સંલગ્ન જેલ સત્તાવાળાઓ સમક્ષ હાજર થવા જણાવ્યું.

## અગાઉનો આદેશ છેતરપિંડી દ્વારા મેળવવામાં આવ્યો હતો: સુપ્રીમ

**જ્યાં** કેસ ચાલ્યો તે મહારાષ્ટ્રની સ્પેશ્યલ કોર્ટે આ બાબતમાં નકારાત્મક અભિપ્રાય આપ્યો છે તે વાત સુપ્રીમ કોર્ટમાં અરજી કરતી વખતે છૂપાવવામાં આવી હતી

નવી દિલ્હી, તા. ૮(પીટીઆઇ): સુપ્રીમ કોર્ટે તેની જ એક અન્ય બેન્ચ દ્વારા ૧૩ મે, ૨૦૨૨ના રોજ આપવામાં આવેલ આદેશને રદબાતલ ઠરાવ્યો હતો જે આદેશમાં ગુજરાત સરકારને બિલકિસ બાનુ ગેંગરેપ કેસ તથા તેના સાત કુટુંબીજનોની હત્યાના કેસના ૧૧ આરોપીઓની સજામાં ઘટાડાની અપીલ અંગે વિચારણા કરવા જણાવાયું હતું, અને કહેવામાં આવ્યું હતું કે તે આદેશ અદાલત સાથે છેતરપિંડી કરીને મેળવવામાં આવ્યો હતો. પોતાના ૧૩ મે, ૨૦૨૨ના ચુકાદામાં જસ્ટિસ અજય રસ્તોગી(હવે નિવૃત્ત) અને વિક્રમ નાથની બેન્ચે ગુજરાત સરકારને આદેશ આપ્યો હતો કે તે એક દોષિત રાધેશ્યામ શાહની પોતાની સમય પહેલાની મુક્તિની અરજી પર તેની ૯ જુલાઇ, ૧૯૯૨ની સજા માફીની નીતિની શરતોના આધારે વિચારણા કરે, અને તે બેન્ચે ઠરાવ્યું હતું કે જ્યાં ગુનો બન્યો છે તે રાજ્યની સરકાર અરજી પર નિર્ણય લેવાનો અધિકાર ધરાવે છે. આજે સર્વોચ્ચ અદાલતે એ વાતની નોંધ લીધી હતી કે શાહે અગાઉ ૨૦૧૯માં પોતાની સજા માફીની અરજી પર વિચારણાનો આદેશ આપવા માટે ગુજરાત હાઇકોર્ટનો સંપર્ક કર્યો હતો. તારીખ ૧૭ જુલાઇ, ૨૦૧૯ના રોજ ગુજરાત હાઇકોર્ટે અરજી ફગાવી દીધી હતી અને જણાવ્યું હતું કે તેણે મહારાષ્ટ્ર સરકારનો સંપર્ક કરવો જોઇએ, કારણ કે આ માટે યોગ્ય સરકાર મહારાષ્ટ્ર સરકાર છે કારણ કે કેસ તે રાજ્યમાં ચાલ્યો છે.

## બિલકીસ બાનુની જાહેર હિતની અરજી ટકી શકે તેવી છે: સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૮(પીટીઆઇ): સુપ્રીમ કોર્ટે આજે ઠરાવ્યું હતું કે જેના પર સામૂહિક બળાત્કાર થયો હતો અને જેના સાત કુટુંબીજનોને ગુજરાતના કોમી રમખાણો વખતે મારી નાખવામાં આવ્યા હતા તે બિલકીસ બાનુ દ્વારા આ કેસના આરોપીઓની સજા કાપને પડકારતી કરાયેલી જાહેર હિતની અરજી દાખલ કરવા લાયક છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું હ તું કે ભારતના બંધારણનો ભાગ-૩ જે મૂળભૂત અધિકારો સાથે કામ પાર પાડે છે.

